SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 39. ઉત્તર ગુજરાતની 'બોઘરા કૂવાની બીબડીઓ' લોકવાર્તાનો સમીક્ષાત્મક અભ્યાસ

*પરમાર બિન્દુકુમારી અમૃતલાલ*

ઉત્તર ગુજરાતમાં જોવા જઈએ તો પાંચ જિલ્લા જેવા કે પાટણ, અરવલ્લી, બનાસકાંઠા, સાબરકાંઠા, અને મહેસાણા જેવા વિશાળ જિલ્લાઓનો સમાવેશ થાય છે. દરેક જિલ્લામાં જોવા મળતા સંશોધનો આગવી વિશેષતા ધરાવે છે. આ જિલ્લાઓમાં લોકસાહિત્ય પર કામ કરનારા સંશોધકો આંગળીના વેઢે ગણી શકાય એટલા જ છે. આવા જ એક ઉત્તર ગુજરાત ધરાની ધૂળને ચાળી ચાળીને તેમાંથી લોકસાહિત્યના મોતી નોખા કરનાર મફત રણેલાકરનું આગવું પ્રદાન રહ્યું છે. તેમનો જન્મ ૧ મે, ૧૯૪૭ના રોજ રણેલા ગામે થયો. મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના નાનકડા ગામમાં ખેતીનો વ્યવસાય કરતા ની સાથે લોકસાહિત્ય ક્ષેત્ર ખેડાણ કર્યું છે. તેઓની ઉત્તર ગુજરાતના મેઘાણી પણ કહી શકાય છે.

મફતરણેલાકર નો પરિચય મેળવ્યા બાદ તેમના સાહિત્ય સર્જન પર નજર કરીએ તો, તેમણે 'રૂપેણ કાંઠાની લોકકથાઓ', 'પાણી ઝાઝા ને પીર થોડા', 'રૂપેણ ની રસધાર', 'રંગ છે ગઢવા', 'એવા સત્ય કોક', 'રૂપેણ કાંઠા ની સતીઓ', 'મડદા ઝાઝા ને મીર થોડા', 'કુવારા જીવતરના બલિદાન', અને 'ગુજરાતની સરજુ કથાઓ' જેવી લોકકથાઓ આપી છે. આ ઉપરાંત તેમણે 'ઢોલૈયા ધડુક્યાં લાડી' અને 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ તેમનાં સંપાદનો છે. તેમણે કેટલીક નવલકથાઓ પણ આપી છે. 'ઘવાયેલા પંખીની વેદના', 'રંગ કસુંબલ પ્રીત નો', 'તને મે ઝંખીતી', 'કુવારા સમણાની રાખ', 'ફરતો ફાગણ', 'આથમતા સૂરજના ઓરતાં', 'પટલાઈના પાપ', 'ભીંડળ છુટ્યા મસાણ', 'વિખાયેલો માળો', 'મોભના પાણી', 'ગેણમા બંધાયા વહાલ'. 'વેલુરાતાં હૈયાં', 'પ્રીત ઘેલા પારેવાં', 'દીકરી નો જન્મ ના દેશો ભગવાન', 'સાથી સાચાં દિલના', 'માર્ગ ભૂલ્યાં માનવી', 'લોહી ભરેલી ચુંદડી', 'કમખે ટહુક્યાં મોર'વગેરે તેમની નવલકથાઓ છે. હવે તેમની 'બોઘરા કુવાની બીબડીયો' ની ચર્ચા નીચે મુજબ કરીએ.

બોઘરા કુવાની બીબડીયો લોક કથામાં મુસ્લિમ ધર્મની બે દીકરીઓની કથા છે. દીકરીઓને ભણતરમાં કંટાળો આવેલો હોય રોજ રોજ નિશાળે જવું ત્યાં જઈ એકનું એક કામ કરવું અને એમાંય પાછું ન ગમતું ભણતર. જેથી કંટાળીને બંને બહેનો એક દિવસ ભણવાનું છોડીને તંત્રમંત્ર શીખવાનું વિચારી કામરૂદેશ જાય છે. ત્યાં જઈ તંત્ર-મંત્ર વિદ્યા શીખે છે. વિદ્યા શીખ્યા બાદ પોતાના વતન પાછી ફરે છે. સાબરમતી ને કાંઠે જઈ બંને બહેનો ઉભી રહે છે. ત્યાં જે વિદ્યા શીખી છે. તે પારખવાનો પ્રયત્ન કરે છે. આવું કરતા મોટી બહેન છલાંગ મારી દડાની જેમ ઉછળકૂદ કરવા માંડે છે. આ જોઈને નાની બહેન પણ નદીમાં કૂદકો મારે છે. બંને બહેનો એકબીજાની હરીફાઈમાં આવે છે. થોડો સમય આવું ચાલ્યા બાદ બંને બહેનો હારવાનું નામ લેતી નથી અને નદીની બહાર નીકળે છે

બંને બહેનો વિચારોને અંતે પોતાની વિદ્યા ક્યાં અજમાવવી એમ વિચારી પાટણ વાળા તરફ આવે છે. ચાણસ્મા તાલુકા ના સેંધા ગામમાં પડાવ નાખી બંને બહેનો પોતાની તંત્ર વિદ્યાથી બિલાડીઓ બની આખા ગામમાં જઈ ફરી ફરીને માખણ ખાઈ જાય છે. આવું થતા સમગ્ર ગામના લોકો પરેશાન છે. ગામ લોકોને ઘડીભર તો એવું લાગે છે કે તસ્કરો આવતા હશે એમ વિચારી રાત ફેરો ચાલુ કરે છે. છતાં પણ બંને બહેનો પકડાતી નથી. સમગ્ર ગામના લોકો સાથે મળી રૂપાજીને ચોર ગોતવાની ફરજ સોંપે છે. તેઓ ઘણા દિવસો સુધી ચોર પકડવાની મથામણ કરે છે છતાંય ચોર ના પકડાતા હારી થાકીને રૂપાજી પોતાની જનેતાથીયે અધકેરા લાડ લડાવી લાડલીને અંતરના ઉમરકાથી જેને પુજી હતી તેવી દેવી સિકોતર ને સંભારે છે.

માતાજીને પ્રાર્થના કરતા તેઓ રૂપાજીને સપનામાં આવે છે. રૂપાજી ની વાત જાણી માં સિકોતર કહે છે કે તારા ચોર અહીં જ છે તારે ચોરને પકડાવા હોય તો બે પોર વીતે એટલે ગામની ભાગોળે ઉઘાડી તલવારે હોંશિયાર થઈને ઉભો રહેજે ત્યાં ગામનું મહી ચાટી જનાર ચોર હાથમાં આવશે. પછી રૂપાજીને દેવી એ બધી જ માંડીને વાત કહી. રૂપાજી તલવાર લઈને ઊભા રહે છે જેવી બે બહેનો છલાંગ લગાવીને રૂપ બદલીને પોતાનું કામ બતાવીને વળે છે ત્યાં રૂપાજી નો ભેટો થાય છે. આગળ બહેનો અને પાછળ રૂપાજી બંને વચ્ચે મોટું યુદ્ધ રચાય છે. બંને બહેનોને પણ એવું થાય છે કે આ રૂપાજી આજે પાછા પડે એમ લાગતું નથી. એમ

વિચારી બાજુમાંના એક કૂવામાં તેમની વિદ્યાના પ્રભાવથી જાણી લીધું છે કે ત્યાં દેવી સિકોતર ના અખંડ બેસણા છે. એમ વિચારી તેમના ચરણોમાં જવાનું વિચારી તરત કુવામાં છલાંગ લગાવી દે છે. રૂપાજી પણ તેની પાછળ કુવામાં પડવા જાય છે ત્યારે સિકોતર આડા ઊભા રહી કહે છે આ મારા શરણે આવી છે એટલે અમને તું નહીં મારી શકે. આમ બંને બહેનોના જીવ આ રીતે બચે છે આજ પણ ચાણસ્મા તાલુકાના સેઢા ગામમાં બોઘરા કુવાની સિકોતર ના સ્થાનકમાં એ બે બહેનો બિરાજે છે જે બોઘરા કુવાની બીબડીયો તરીકે પણ પૂજાય છે.

## :: સંદર્ભ સૂચિ ::

૧. રણેલાકર મફતલાલ અને પટેલ પ્રજ્ઞા (૧૯૯૫), 'ઉત્તર ગુજરાતની લોકવાર્તાઓ', અમદાવાદ : શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધીનગર.